

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

હતા જોરદાર એ પડી ગ્યા ખૂણે કપાઈને -
કપાયા અંદરોઅંદર ઢીલથી અપાઈને -
વેતરાઈ ગ્યા માપથી એ સ્વતંત્ર ઉડનારા -
સાચા થયા ચૂપ શિસ્તની દોરથી કપાઈને...
(વાસી ઉત્તરાણે હાલત)

હાઈકુ

કેટલાકની
થઈ છે કાપાકાપી -
પોતાને ધાબે...

ઘણીવાર તો
કાપે છે પોતાનાં જ
હંસી મજાકે!!

### ચિંતન

**જ્ઞાનાનુમાન પ્રેક્ષ્ય પરીક્ષ્ય કર્તવ્યા ॥**

'જ્ઞાન અને અનુમાનોનું સંપૂર્ણ રીતે પરીક્ષણ ચકાસણી-કસોટી કરીને પછી જ સાહસ-કાર્ય કરવું જોઈએ.'

ઘણીવાર માણસ લોભમાં, ખોટાં સાહસ કરવા પ્રેરાય છે. કોઈ પણ નવું કામ સાહસ-રોકાણ કરતાં પહેલાં તેના પાસાં અને પરિણામોનો પુરો વિચાર કરવો જોઈએ.

યુવાનો વિદ્યાર્થી અવસ્થામાં માત્ર શારીરિક ખેંચાણને - ગેરસમજથી પ્રેમ સમજી ઘરછોડી-પૈસા ઉપાડી ભાગી જાય. લગ્નની વય ન હોય - શારીરિક ઉત્સૂકતા પૂર્ણ થાય અને પૈસા ખૂટે ત્યારે આંખ ખૂલે - પરિસ્થિતિનું ભાન થાય - આ બધા વિચાર 'ભાગવા' પહેલાં કરવા જોઈએ.

વેપારીઓ મોટી લોન લઈ શેરસટ્ટા-વેપાર-બિલ્ડીંગમાં રોકે છે પણ પરિણામોનો વિચાર કરતાં નથી તેથી 'દબાણ' માં આવી અનેક મુશ્કેલીઓનો સામનો કરે છે.

### સુવિચાર

- પહાડ પર ચડવાનો એક નિયમ છે... ઝુકીને ચાલવું... દોડવું નહીં, અને જિદગી પણ બસ આટલું જ માંગે છે **- કાંતિ બીજ**
- કોઈ તારૂં ન હોય તો તું જ તારો થશે, આભ અજવાળતો શુક્રનો તારો થશે **- હેમંત દેસાઈ**
- વૈશ્વિકરણે આપણને એક કંપનીમાં તબદીલ કરી દીધા છે જયાં બુદ્ધિશાળી વ્યક્તિઓની શોધ થાય છે **- સ્ટીફ કોવી**
- આપણે આપણા આદર્શ, ઉદ્દેશ તેમજ સિદ્ધાંત ભૂલી જઈએ ત્યારે અસફળતા મળે છે **- સરદાર પટેલ**
- ગમે એટલા સફળ થયા હોવ... ઉમદા કાર્ય માટેની ભૂખ સદા જાગ્રત જ રહેવી જોઈએ **- સ્ટીવ જોબ્સ**
- પાણી અને વાણીનું મૂલ્ય આપણને એટલા માટે સમજાતું નથી, કારણ કે પ્રભુએ આપણને એ વિના મૂલ્યે આપ્યા છે- **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : ખજૂર નિયમિત ખાવાથી સ્ત્રીઓને હિસ્ટીરીયામાં ૬ મહિનામાં રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

ઘણીવાર આપણે ખૂબ તકેદારી રાખી ઘરના દરવાજા લોખંડી-તિજોરી જેવા બનાવીએ છીએ પણ આફત આવવાની હોય તો ઘર પરિવારનાં સગાં-સંબંધી કે કામ કરનાર 'રામો' જ શાંતિથી કામ પતાવી દે - આફત આવવાની હોય તો કયાંકથી ય આવે માટે બધી બાજુનો વિચાર કરવો...

એક કબૂતર જમણી આંખે કાંણુ હતું. એ ચબૂતરા પાસે ચણતું ત્યારે સાવધાનીપૂર્વક થોડી થોડી વાર ડોક ઊંચી કરી ડાબી તરફ જોઈ લેતું. એના માટે જમણી તરફથી દુનિયા હતી જ નહીં.

એક લુચ્ચું કૂતરું આ કબૂતરના શિકાર માટે દરરોજ લપકડી જીભે તેનું નિરીક્ષણ કરતું હતું અને દરરોજ પોતાના બેસવાનું સ્થળનું અંતર જરા જરા ઓછું કરતું જતું હતું.

એક દિવસ કૂતરું ત્રાટક્યું અને જમણીબાજુથી દોડી કબૂતરને દબોચી દીધું.

કબૂતર તરફડતું બોલ્યું : હું ડાબી બાજુની તો ખૂબ જ સાવધાની રાખતું હતું એ ન વિચાર્યું કે આફત તો કોઈ પણ દિશામાંથી આવી શકે છે.

## હજુ, ભારતને વિશ્વાસ છે

### તંત્રીસ્થાનેથી....

આખરે ભારત પાકિસ્તાન વચ્ચે યોજાનારી સચિવ સ્તરની ગોષ્ઠી હાલ પૂરતી મોકુફ રાખવાની ફરજ પડી છે. ભારત સરકાર આ મુદ્દે આગળ વધવા ઉત્સુક હતી અને પઠાણકોટ હુમલા છતાં પણ 'દોસ્તી' નિભાવવામાં નિષ્ણાત ગણાતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે તો કદાચ એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન જ હતો. કારણ કે વણસેલા સંબંધો સમધારણ કરીને તેઓ વિશ્વ સ્તરે એક સમર્થ નેતા તરીકે ઊપસવા ઉતાવળા થઈ રહ્યા હતા. દોઢ વર્ષના ટૂંકા શાસનકાળમાં એમણે અગાઉના કોઈ પણ વડાપ્રધાન કરતાં વધુ વિદેશપ્રવાસ કર્યો છે, એટલું જ નહીં, જયાં ગયા ત્યાં ડંકો વગાડીને પાછા ફર્યા છે. ભારતને એક ઊભરતી આર્થિક સત્તા તરીકે પ્રસ્થાપિત કરવા માટેના એમના પ્રયાસોમાં ચીન અને પાકિસ્તાન જેવા પાડોશીઓ સોનાની થાળીમાં લોઢાની મેખ જેવા બની રહ્યા છે. છતાં એ હિંમત હારે એ વાતમાં માલ નથી. ચીની પ્રમુખને સાબરમતી રિવરફ્રંટ પર ખેંચી લાવ્યા અને પોતે પણ એમના વતનના ગામે લટાર મારી આવ્યા, પરંતુ એથી ચીન-પાકિસ્તાનનાં છાનગપતિયાં અટક્યાં નથી. વળી એ બે દેશો વચ્ચેના વ્યૂહાત્મક સંબંધને છાનગપતિયાં કહેવાથી પણ કશું વળે એમ નથી. ભારત પાસેથી આંચકી લીધેલા 'આઝાદ કાશ્મીર'માં ચીને રાષ્ટ્રીય ધોરી માર્ગ બનાવી દીધો છે જે એને પાકિસ્તાને અભરામનંદાવે લખી આપેલ બંદર સાથે જોડે છે. હવે એ ઝેલમ નદી પર બંધો બાંધી હાઈડ્રોઈલેકટ્રીક ઉર્જાનો પ્રકલ્પ સાકાર કરી રહ્યું છે. પાકિસ્તાનની કોઈ પણ લોકપ્રિય સરકાર ભારત કરતાં ચીન સાથે વધુ મૈત્રીભાવ રાખતી આવી છે, એમ છતાં મોદીને નવાઝ શરીફની શરાફત પર ભરોસો બેસી ગયો હોય એમ લાગે છે. તેથી પઠાણકોટ હુમલા પછી સ્થળ મુલાકાત લઈ શહીદોને ભવ્ય શ્રદ્ધાંજલી આપ્યા પછી વડાપ્રધાને પાકિસ્તાન સાથે ઉગ્ર નિવેદન કરવાનું સિફતપૂર્વક ટાળ્યું હતું. આ એ જ મોદી છે જેમણે પાણી પી પીને પાકિસ્તાન વિરુદ્ધ આગ ઓકતાં ભાષણો કરીને ભાજપને કોંગ્રેસ કરતાં વધુ દેશપ્રેમી પાર્ટી સાબિત કરવામાં સફળતા મેળવી હતી. પઠાણકોટ હુમલામાં પાકિસ્તાનની સામેલગીરીના તમામ પુરાવા પહોંચાડ્યા પછી અને આખી દુનિયાનો લોકમત પાકિસ્તાન વિરુદ્ધ થઈ ગયા પછી, વિશેષપણે અમેરિકા જેવી મહાસત્તાના દબાણ હેઠળ પાકિસ્તાનને કબૂલવું પડ્યું છે કે આતંકવાદની આ ઘટનાના ખરા સૂત્રધારો પાકિસ્તાનમાં જછે. જૈશ-એ-મોહંમદના વડાને પાકિસ્તાન કસૂરવાર ઠરાવશે કે કેમ તે પ્રશ્ન છે, કારણ કે જો એને ગુનેગાર માનશે તો ભારત એના પ્રત્યાર્પણની માગણી કરશે એમાં શંકાને સ્થાન નથી. પાકિસ્તાનને આતંકવાદની પ્રયોગશાળાની આંતરરાષ્ટ્રીય ઓળખ તો હવે ખુદ અમેરિકી પ્રમુખ પાસેથી મળી ચૂકી છે. એટલે એને નાછૂટકે મસૂદ અઝહર અને એના ભાઈ સહિત આ જઘન્ય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા રાક્ષસોની ધરપકડનું નાટક તો કરવું જ પડે. ખુદ પાક આર્મી પણ આટલા પૂરતી છૂટ તો નવાજ શરીફને આપે, કારણ કે એમ ન કરે તો અમેરિકા પાસેથી મળનારી આર્થિક સહાય અટકી પડે; લશ્કરી સોદા લટકી પડે. એટલે અદ્ધર મને ચાલી રહેલી પાકિસ્તાન સરકારની 'આતંકવાદ વિરોધી' કાર્યવાહીથી ભારત સરકારે સંતુષ્ટ થઈ જવાની જરુર નથી. સચિવ સ્તરની મુલાકાત હાલપૂરતી થોડી પાછળ ઠેલાઈ છે પણ બહુ જ જલદી એની નવી તારીખ જાહેર થશે, એવું નિવેદન આપીને ભારત સરકારનું વિદેશખાતું વામણું જ સાબિત થયું છે. ખરેખર તો એવો આગ્રહ રાખવાની જરુર હતી કે જયા સુધી મુંબઈ બોમ્બ ધડાકાનો ગુનેગાર દાઉદ ઈબ્રાહિમ અને અઝહર મસૂદ કે હાફિઝ સઈદ જેવા રાક્ષસો ભારતને હવાલે નહીં કરાય ત્યાં સુધી વાર્તાલાપ મોકૂફ રહેશે. કઈ આંતરરાષ્ટ્રીય લાચારી હેઠળ પાકિસ્તાન સાથે સંવનન કરવા ઉતાવળું થઈ રહ્યુ છે તે સમજવું અઘરું છે.

## અંત્યજો સાથે 'આભડછેટ' માંથી ઉપર ઉઠવા મહાત્માની આજીવન મથામણ

### રિવાજમાત્રને ધર્મને નામે ચલાવી લેવો એ તો દુરાગ્રહ ગણાય



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

મો.ક. ગાંધી સમૂળગી આઝાદી માટે આજીવન લડતા રહ્યા હતા. આ લડાઈમાં એક મુદ્દો અસ્પૃશ્યતા નિવારણ સામે પણ હતો. ગાંધીજી તેમના પ્રવાસ દરમિયાન હરહંમેશ અંત્યજોના ઉદ્ધાર માટે વાત કરતા હતા. એની અસર પણ થઈ હતી. અસ્પૃશ્યતા દૂર કરવા સંબંધેના તેમના વખતોવખતના વિચારના પરિણામે ઉચ્ચ જ્ઞાતિના લોકો પણ 'આભડછેટ' થી ઉપર ઉઠવાના પ્રયાસોમાં જોડાયા હતા.

૩૧ ઓગસ્ટ ૧૯૧૯ના જયારે ગાંધીજી મેવાડથી દાહોદ આવ્યા ત્યારે દાહોદના બ્રાહ્મણ, વાણિયા અને મુસ્લિમો ગાંધીજીના આગમન પહેલા જ અંત્યજોના નિવાસ સ્થાનો પર પહોંચી ગયા હતા. અને સાવ અડોઅડ બેસી ગયા હતા. અસ્પૃશ્યતા નિવારણ અર્થેના ગાંધીના પ્રયાસો આ સમયે સ્પષ્ટ જણાતાં હતાં.

મહાત્મા ગાંધીએ પણ એ સમયની સભામાં કહ્યું હતું 'જયારે જયારે કોઈ અંત્યજના ઘરે જવાની તક મળે છે ત્યારે ત્યારે હું બહુ રાજી થાઉં છું. હું જે વસ્તુને માનું તેનો અમલ કરવાનો મારો સ્વભાવ પડી ગયો છે, તેથી અંત્યજોનો સહવાસ અને એમનો સ્પર્શ એ મને તો એક પદાર્થ પાઠ જેવું થઈ પડે છે. અંત્યજોને વિનંતી કરતા બાપુ ઉમેરે છે કે તેમણે ધીરજ રાખવી. ધીમે ધીમે પણ નિશ્ચયપૂર્વક હિન્દુ વાતાવરણ બદલાતું જાય છે. અસ્પૃશ્યતા એ અધર્મ છે એવું ચુસ્ત હિંદુઓને પણ ભાસવા લાગ્યું છે. એટલે એ પાપ લાંબી મુદત નહીં ચાલે એવો સંભવ છે.

દાહોદમાં જ સાળવીઓની સભામાં તેમણે દૂર ઊભેલા અંત્યજોને જોયા એની સામે અભિશય દુઃખ વ્યક્ત કરતા કહ્યું હતું કે 'મારી શક્તિ પ્રમાણે મેં હિંદુ ધર્મનો અભ્યાસ કર્યો છે અને શક્તિ પ્રમાણે તેનું પાલન કરું છું. ધર્મ વિના કોઈ પણ પ્રજાખરી રીતે આગળ ન જ વધ શકે એમ હું માનું છું. પણ અમુક જાતિનો સ્પર્શ કરવામાં પાપ છે એ તો મારાથી કબૂલ ન જ થઈ શકે. ઈશ્વરે સર્જેલા કોઈ પણ પ્રાણીને અડતાં આપણે અભડાઈને એવો વિચાર કરવામાં પણ મને તો અધર્મ લાગે છે. રિવાજ માત્રને ધર્મને નામે ઓળખી લેવોએ દુરાગ્રહ ગણાય. રિવાજો સારાં પણ હોય અને નઠારા પણ હોય. અત્યંજોને ન અડવું એને હું તો નઠારો રિવાજ ગણું છું. એમના ધંધાની ટીકા કરીને ન અડીએ એમ કહેવું એ થોડો વિચાર કરતાં અયોગ્ય ન લાગશે. જો એ ધંધો કરવામાં હીણપત હોય તો તેઓની પાસે એ ધંધો છોડાવવો જોઈએ અને જો આપણાં પાયખાના સાફ કરવાં એ પાપકર્મ ગણાય તો આ કર્મનો ત્યાગ થવો જોઈએ. એ કર્મનો ત્યાગ થાય તો શું થાય? - એવો પ્રશ્ન કરતાં આ સંબંધે વિચારવા તરફ દર્શાવ્યું હતું.'

મહાત્મા ગાંધીએ માતા એન બાળકનું દૃષ્ટાંત ટાંકતા સમજાવ્યું કે 'દરેક માતા પોતાના બચ્ચાનું મેલું ઉપાડે છે, એમ કરીને રાજી રહે છે, એને પોતાનો ધર્મ માને છે, અને માતાને આપણે સાષ્ટાંગ દંડવત્ કરીએ છીએ. તો અંત્યજ પણ અભિવંદન કરવા યોગ્ય છે. એમાં હું અતિશયોક્તિ નથી કરતો. જો અંત્યજ વર્ગ ગંદા છે, દારુ ઈત્યાદિ ખાયપીએ છે એ બહાનું કાઢવામાં આવે તો હું કરીશ કે ઘણા દારૂ પીનારાઓ આણે સ્પર્શ કરીએ છીએ અને અંત્યજો કરતાં પણ ગંદા રહેનાર સ્ત્રી-પુરુષોનો આપણે ત્યાગ કરતાં નથી. કોઈને પણ અસ્પૃશ્ય ગણવામાં દોષ છે એમ મને ભાસે છે. આ દોષમાંથી હિંદુઓ મુક્ત થઈ જાઓ એવું હું ઈચ્છું છું એમ ગાંધી કાયમ કહેતા રહ્યા હતા.'

**(લેખક ગુજરાત કોલેજ, અમદાવાદ ખાતે સમાજશાસ્ત્ર વિષયના અધ્યાપક છે.)**

## જો ખબર પડે પતંગોત્સવનું તથ્ય તો સમજ પડે જીવનોત્સવનું સત્ય



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડો. સંતોષ દેવકર

દરેક ઘરનું ઉતરાયણના દિવસોનું એક સામાન્ય દશ્ય : પતંગ દોરી લેવા જવા માટે બાળકોનું તોફાન ચાલતુ હોય, મોટા પતંગો અને ક્યારેય ન કપાય તેવી દોરીની ચર્ચા ચાલતી હોય, બજારથી બધુ લઈ આવ્યા પછી એક યક્ષ પ્રશ્ન સર્જાતો હોય કે પતંગને કિન્ના બાંધશે કોણ ? ત્યારે બધાને આનંદ મળે ને રાજી થાય તેવું કામ કરવા ટેવા યેલી દીકરી આગળ આવે ને કિન્ના બાંધવાની શરુઆત કરે, ત્યારબાદ સૌ ધીરેધીરે કિન્ના બાંધવામાં જોડાય.

ઉતરાયણ અંગેના કેટલાક સત્યોઃ


- કેટલાક એકજ દોરી પર બે-ત્રણ પતંગો ચગાવતા હોય છે.
- પતંગ દોરીથી બંધાયેલો હોય ત્યારેજ ઉડી શકે છે.
- જે પળે પતંગ કપાઈ જાય એ જ પળથી એનું પતન નક્કી.
- કપાયેલા પતંગની કોઈ કિંમત હોતી નથી.
- આપણો પતંગ પ્રથમ આપણો પાડોશી જ કાપે છે.
- પતંગ અને માણસ બહુ ઊંચે ચઢે તો સમજો કે હવે તે કપાશે.
- પતંગ અને દોરી ભેગા મળીને આકાશ આંબી શકે છે.
- પતંગને દોરીનું બંધન છે તો જ પતંગ ની કિંમત છે.
- કરોડપતિ પણ પતંગ લૂંટી શકે છે.
- કેટલાક જાંબાજ લોકો પતંગ માટે ધાબા પરથી પડતું મુકતાય અચકાતા નથી!
- આકાશ સાથે સંબંધ બાંધવામાં પતંગ મદદરૂપ બને છે.
- ઉતરાયણનો તહેવાર આકાશને જોવા અને તેની ભવ્યતાને માણવાનો તહેવાર છે.
- આકાશ સામે જોવાથી અભિમાન ઓગળી જાય છે.
- પતંગ અને દોરી પતિ-પત્નીના સંબંધોને સમજાવે છે.
- પતંગ વગર દોરીની કોઈ કિંમત નથી અને દોરી વગર માત્ર પતંગથી કંઈ થઈ શકે નહિ.
- એક બીજાના સહકારથી સંસારરૂપી આકાશને સર કરી શકાય છે.
- બહેન હોય કે પત્ની, ગર્લફ્રેંડ હોય કે પ્રેમિકા, સ્ત્રી વર્ગ હંમેશા ફિરકી પકડવાનું કામ કરે છે, ફિરકી પકડવાનું કામ પાયાનું છે તેના વગર પતંગોત્સવ શક્ય નથી.
- પતંગને કિન્ના બાંધવાનો હંમેશા સૌને કંટાળો આવતો હોય છે.
- કિન્ના બાંધવામાં ભૂલ થાય તો પતંગ ચગતી નથી.અથવા ચગે તો કહ્યાંમાં રહેતી નથી. તેથી કિન્ના બાંધવાની ક્રિયા ખૂબ મહત્ત્વની છે.
- પતંગ જીવન જીવવાની કળા શીખવે છે.
- ક્યારેક ગોથુ ખાઈ જવું, ક્યારેક ડાબી-જમણી બાજુએ નમવું ને ક્યારે ટટ્ટાર થઈ હવામાં વિહરતા રહેવું-પતંગ શીખવાડે છે.
- પતંગ-દોરી બંન્ને નું સાયુજ્ય તેમની ઊંચી ઊડાનનું ઘોતક છે.
- તમારો ખૂબ ઊંચે ગયેલો પતંગ "અન્ય" થી સહન થઈ શકતો નથી.તેને કાપવા માટે તે પ્રયત્નો કરશે જ.
- તમારો ખૂબ ઊંચે ગયેલા પતંગને બચાવવા બધી પૂર્વ તૈયારીઓ રાખવી જ રહી.
- પતંગને પવનમાં લેવી અને ઓછી મહેનતે આકાશમાં લહેરાવવી એક કળા છે, આ કળા બધા માટે હ્સ્તગત નથી.
- કેટલાક લંગસિયુ નાખવામાં માહિર હોય છે,તેઓ ઉડતા પતંગ ને મ્હાત કરી શકે છે. લંગસિયુ નાખનારને આંતકવાદી કહેવાનો રિવાજ નથી.

પતંગોત્સવ જીવનનું સત્ય સમજાવે છેઃ ક્યારે ઢીલ આપવી અને કયારે ખેંચ મારવી એ જો ખબર પડી જાય તો પતંગોત્સવની સાથે સાથે જીવનના ઉત્સવનું રહસ્ય મળી જાય.

**મિસરીઃ**

" છોકરીઓનું એવું પતંગ જેવું
ચઢી જાય તો એક ઠુમકે
નહિ તો હાથ દુખાડવા જેવું "

(એસ.એમ.એસ.- નેહા અને અમી)



## સૂકાતી ડાળ પર માળો કરીને, પંખીએ કહી દીધું મૂંગા રહીને છાલ છેલ્લે સુધી ચોંટી રહે છે, પણ હલકાં ઠર્યા જાતે ખરીને



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

સાહિત્ય અવસરવૃત્ત

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા, મા ગરવી ગૂર્જરીના પનોતા ગુજરાતી સાહિત્યને હરદમ ધબકતું અને ધડકતું રાખી, તેને મધમધતુ અને ફોરતું રાખવા અનેક સાહિત્યિક કાર્યક્રમો યોજવામાં આવે છે; તે પૈકીના એક કાર્યક્રમ 'સર્જકની કેફિયત' અંતર્ગત, ગાંધીનગરના આંગણે, આણંદના ખ્યાતનામ સાહિત્યકાર અને જેઓ ગઝલકાર, નવલકથાકાર અને કૃષિકાર, એમ સાહિત્યધારાના ત્રિવેણીસંગમ જેવા છે તે અશોકપુરી ગોસ્વામીની સ્વરચિત ગઝલોનો તેઓના મુખે પઠનનો અને એમના ગદ્યસર્જનની કૃતિઓના આસ્વાદનો કાર્યક્રમ તા. ૧૦.૧.૨૦૧૬ના રોજ શિયાળાની સોડમભીની સાંજે, ભરત કવિના અધ્યક્ષપણા હેઠળ સુપેરે યોજાઈ ગયો.

કાર્યક્રમની શરુઆત, શબદની આરાધ્ય દેવી મા શારદાની સ્તુતિથી મંત્રી મૂળજીભાઈ પરમાર દ્વારા, હાજર સર્વેના સુમધુર સ્વરના સથવારે કરવામાં આવી. ત્યારબાદ અધ્યક્ષ સ્થાનેથી ભરત કવિ દ્વારા મહેમાન અશોકપુરી ગોસ્વામી તથા ખાસ ઉપસ્થિત રહેલ મૂર્ધન્ય સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ, નવલકથાકાર તથા વાર્તાકાર અને કેનેડા નિવાસી જગ ગજ્જર, યુ.કે. લંડન નિવાસી ડૉ. જ્ઞાનદેવ પી. શેઠ, મહાનુભાવો ધર્મેન્દ્ર ત્રિવેદી, રમણીકભાઈ વ્યાસ, શિવકુમાર વર્મા, જિતેન્દ્ર વ્યાસ, રમણ વાઘેલા, કિશોર જીકાદરા તથા હાજર સર્વેનું અંતરના અમી ઝરતા શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું. મંત્રી મૂળજીભાઈ દ્વારા અશોકપુરી ગોસ્વામીનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું અને મંત્રી સંજય થોરાત દ્વારા મોમેન્ટો આપીને બહુમાન કરવામાં આવ્યું.

ત્યારબાદ કડી કેમ્પસના ડાયરેકટર અને આ સંસ્થાના સભ્ય ડૉ. સોમભાઈ પટેલ દ્વારા, ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે યોજવામાં આવેલ 'શીઘ્ર કાવ્ય લેખન' અને શીઘ્ર વાર્તાલેખન સ્પર્ધાના વિજેતા સ્પર્ધકો (૧) જીતેન્દ્ર જી. ગળવી અને ગોસ્વામી વસંતગિરીને મહેમાન અશોકપુરી ગોસ્વામીના શુભહસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા.

જાન્યુઆરી માસમાં જે સભ્યશ્રીઓના જન્મદિન આવે છે તેમાંથી પ્રમુખ ભરતકવિનો જન્મદિન આવતો હોવાથી અને તેઓ અધ્યક્ષ સ્થાને હાજર હોઈ સર્વે તરફથી શુભકામનાઓ સહ મુબારકબાદી પાઠવવામાં આવી. ત્યારબાદ સર્જક અશોકપુરી ગોસ્વામીનો પરિચય અધ્યક્ષ ભરત કવિ અને મૂર્ધન્ય સાહિત્યકાર - નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવ્યો.

સાહિત્યસભરની ગઝલ મહેફિલને માણીએ એ પહેલાં અશોકપુરી ગોસ્વામીના સાહિત્ય જીવનમાં જરા ડોકીયું કરીએ.

અશોકપુરીનો જન્મ બોરસદ ખાતે તા. ૧૭-૮-૧૯૪૭ના રોજ થયો હતો અને તેમનું વતન આશી, તા. પેટલાદ છે અને તેઓએ ઈન્ટર સાયન્સનો ઉભ્યાસ કરેલછે. તેમના સાહિત્ય ખેડાણ દરમિયાન, ઉત્તમ સાહિત્ય ફસલ બદલ 'કૂવો' નવલકથાને ૧૯૯૪ સાહિત્ય અકાદમી, દિલ્હીનો અવોર્ડ મળેલ છે. આ નવલકથા 'કૂવો' નો અનુવાદ મરાઠી, હિંદીમાં થયેલ છે. ગુ.આ.સ. તથા ઘનશ્યામ શરાફ એવોર્ડ મુબઈ-૧૯૯૬ પણ મળેલ છે. તેઓની નવલકથા 'નિભાડો' ને ૧૯૯૫માં ગુ.સા.અ.નું પારિતોષિક મળ્યું છે. 'કલિંગ' કાવ્યસંગ્રહને ૨૦૦૫માં શ્રેષ્ઠ કવિતાનો જયંત પાઠક પુરસ્કાર મળેલ છે. કાવ્યસંગ્રહ 'અર્થાત્' ની બે આવૃત્તિ પ્રસિદ્ધ થઈ છે. તેમનો ત્રીજો કાવ્ય-સંગ્રહ 'એ પછીથી છપાઈ રહી છે. જયારે 'કૂવો' અને 'નિભાડો' નવલકથા ઉપરાંત તેમની 'મૂળ' અને 'વેધ' નામની બે નવલકથાઓ અને 'વીણેલા મોતી' અને 'જીવતી જણસ' નામના બે વાર્તાસંગ્રહ પણ પ્રગટ થયેલા છે. તેઓએ 'અગ્નિ સમસ્ત અગ્નિ' ગદ્યનાટકનો અનુવાદ પણ કર્યો છે. વધુમાં 'રવરવાટ' નામે ચરિત્રલેખોનું પણ સર્જન કર્યું છે. આમ તેઓએ ગુજરાતી સાહિત્ય જગતમાં કવિ (ગઝલકાર) વાર્તાકાર, નવલકથાકાર, અનુવાદ અને ચરિત્રલેખક તરીકે શ્રેષ્ઠત્તમ યોગદાન આપ્યું છે. આ બધામાં એક વિશેષ ઉલ્લેખનીય અને ધ્યાન ખેંચે તેવી બાબત એ પણ છે કે, તેઓ પોતાના વતન 'આશી'માં આજેય ખેતીકામ કરીને, પોતાનો નાતો, તળભૂમિનો લગાવ-માટીની ભીની સુગંધ - સોડમનો આહ્‌લાદક આનંદના અનુભવને શ્વસી રહ્યા છે... જીવી રહ્યા છે.

તો આવો માણીએ, એ સાચા ધરતીપુત્રની પરિપક્વ 'ગઝલ' ફસલના મદ-મધ ઝરતા સ્વાદને...

- અહીં જળ છે, જળમાં ઉતરવાનું પણ છે
  અને સાવ કોરા બહાર નિકળવાનું છે પણ
  ગમે તે ક્ષણે ભરતી ભૂંસી પણ જાય
  છતાં મન દઈને ચીતરવાનું પણ છે.
- એને જ, એણે જે બતાવ્યું તે બતાડને
  બ્રહ્માંડ જેવું છે, ગઝલ મોઢું ઉઘાડને
  દરિયે જવું, પડ્યું મૂકી રણમાં વહ્યા કરું.
  એવું નદી જેવું મને ઘેલુ લગાડને.
  હું તો હરણની જાત છું, ખબર પડશે નહીં
  પણ તલ્લીન થાઉં તેવું જંતર વગાડને!
- સાવ પડખે ખાઈ છે, તેથી આ ઊંચાઈ છે
  ના નથી નિરાંત અહીં, વાત એ સમજાય છે.
  કાં કશું બોલ્યા નહીં, આ નરવી અંચાઈ છે!
- હે ગઝલ કયાં કશુંય જીત્યું છે.
  તોય કલિંગ જેવું વિત્યું છે.
- સૂકાતી ડાળ પર માળો કરીને, પંખીએ કહી દીધું મૂંગા રહીને
  છાલ છેલ્લે સુધી ચોંટી રહે છે, પણ હલકાં ઠર્યા જાતે ખરીને.
- આ હયાતી છે બરફની, ને ગરમ આબોહવા
  કંઈ સમજાતું નથી, કરવી તો શું કરવી દવા?
  એમ કહી અલગા કયાં કે ખાઓ, પીઓ ને જીવો
  એ વાતે હજીયે ગઝલ મળતી નથી દવા.

દધિ બિંદુ

ગધેડાની ભૂંકવાની કુટેવ તરફ ન જોતાં, તેની મૂંગી ને અજોડ સ્વામીભક્તિને જીવનમાં અપનાવીએ.

દધિ હાઈકુ

(૧)
સમણું રૂડું!?
થાય પિયામિલન,
ત્યાં આંખ ખૂલે!

(૨)
રીક્ષા ભાગે છે;
છોડીને ધૂમાડાને
ત્યાં નિરાધાર!

(૩)
પ્રેમ પ્રકાશ
જળહળશે સદા,
મિલનફ્યુઝે!

(૪)
ઉત્તરાયણે
બિચાર પતંગને
દોરી ચગાવે!

(૫)
ચગ્યો પતંગ
માણે આકાશ મધ્યે
જીવન-મૃત્યુ!

(૬)
કટિ પતંગ
તૂટા પ્યાર, વાપસ
પાયે ન પાયે!

- muljibhaidadhi@gmail.com